# શ્રી જૈન ધર્મ પ્રકાશ

આસો

પુસ્તક ૭૨ મું
અંક ૧૨ મો
૧૦ મી ઓક્ટોબર

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬

सुवण्णरूप्पस्स उ पव्वया भवे,
सिआ हु केलाससमा असंखया ।
नरस्स लुद्धस्स न तेहि किंचि,
इच्छा हु आगाससमा अणंतिआ ॥४८॥

पुढवी साली जवा चेव,
हिरण्णं पसुभिस्सह ।
पडिपुण्णं नालमेगस्स,
इइ विज्जा तवं चरे ॥४९॥

કૈલાસ પર્વત જેવડા સુવર્ણ અને રૂપાના અસંખ્ય પર્વતો લોભી મનુષ્યને આપવામાં આવે તો પણ તેને તૃપ્તિ ન થાય, કારણ કે ઇચ્છાઓ આકાશની માફક અંત વિનાની છે. એક ઇચ્છા પૂરી થઇ ન થઇ ત્યાં તો બીજી અનેક ઇચ્છાઓ પ્રગટે છે. તૃષ્ણારૂપી ખાડો જ એવો છે કે તે જેમ જેમ પૂરાતો જાય તેમ વધુ ને વધુ ઊંડો થતો જાય છે.

સમસ્ત પૃથ્વી, શાળ ચોખા અને જવ એટલે પૃથ્વીનું સર્વ પ્રકારનું ધાન્ય, પશુઓ અને બધું સુવર્ણ પણ એક અસંતોષી માણસ માટે પૂરતું નથી, માટે તેનો સર્વ પ્રકારે વિચાર કરીને તપશ્ચર્યા આદરવી. સંતોષ પ્રાપ્ત થયો કે દેખાતું દુઃખ દૂર ગયું જ સમજવું.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્ય. ૯, શ્લોક ૪૮-૪૯

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

## અનુક્રમણિકા


૧ ભાવનગરમંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન-પ્રાચીન (સં. મોહનલાલ ગિરધર) ૧૬૧
૨ રજનીની દીવાળી .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૬૨
૩ નવપદજીનું સ્તવન .... .... (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) ૧૬૪
૪ હવે મુજ દાન દેવાર .... .... (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૧૬૫
૫ શ્રી વર્દ્ધમાન-મહાવીર : ૧૪ .... .... (૬૫૦ મૌક્તિક) ૧૬૭
૬ ચાર અનુયોગસ્થાપક-દશપૂર્વી .... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૭૦
૭ કમઠ યોગીની ઇર્ષ્યા અને દ્વેષ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૭૨
૮ વાર્ષિક અનુક્રમણિકા .... .... .... .... .... ૧૭૫
૯ પુસ્તકોની પહોંચ .... .... .... .... (ટાઇટલ પેજ) ૩-૪


### નવા સભાસદ

૧ શ્રી લહેરચંદ હંસરાજભાઇ લાઇફ મેમ્બર નવાડીસા


શા
ર
દા
પૂ
જ
ન
વિધિ

## જૈનવિધિ પ્રમાણે વહીપૂજન કરો

જૈનવિધિ પ્રમાણે વહીપૂજન-શારદાપૂજન કરવું તે ફાયદાકારક છે. આ વિધિમાં પ્રાચીન શારદા સ્તોત્ર અર્થ સાથે છાપવામાં આવેલ છે. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે; તો દીપોત્સવી જેવા મંગળકારી દિવસોમાં આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું તે અત્યંત લાભકારક છે. વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ભાષામાં જ છાપવામાં આવી છે.

કિંમત : એક આનો સો નકલના રૂા. સાડા પાંચ

લખો—શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

## શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા [નવી આવૃત્તિ- અર્થ સાથે]

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પાડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની સુધરેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે. કિંમત માત્ર પાંચ આના.

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૨ મું
અંક ૧૨

આસો

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

## ભાવનગર-મંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન

સંપા. શ્રી મોહનલાલ ગિરધરલાલ

(જગજીવન જગવાલહો—એ દેશી)

ઋષભદેવ જુહારીએ, હેડે ધરી આણંદ લાલરે;
નાભિ નરેશર કુલતીલો, મારુદેવીનો નંદ લાલરે. ॥ ઋ૦ ॥ ૧ ॥
ઈક્ષ્વાગ વંશ પ્રભુ „તુમતણો„ ધોરી લંછન પાય લાલરે;
જુગલા ધર્મ નિવારણો, કંચન વરણી કાય લાલરે. ॥ ઋ૦ ॥ ૨ ॥
ચાર અતિશય જનમથી, ઘાતી ક્ષય દશ એક લાલરે;
સુરકૃત ઓગણત્રીસ છે, એમ ચોત્રીસ વિવેક લાલરે. ॥ ઋ૦ ॥ ૩ ॥
દાન સંવત્સરી દેઈને, લીધો સંજમ ભાર લાલરે;
ઇક્ષુ રસ પારણું કરી, તાર્યા શ્રેયાંસકુમાર લાલરે. ॥ ઋ૦ ॥ ૪ ॥
સિદ્ધાચલપુરમંડણો, આદિસર અરિહંત લાલરે;
દરિશણ દુર્લભ દેખીયો, હવે મેં તુજ ભગવંત લાલરે. ॥ ઋ૦ ॥ ૫ ॥
સેવકને હવે તારીએ, ધારીએ ચિત્ત મઝાર લાલરે;
જસ તાહરો જિમ વિસ્તરે, આવાગમન નિવાર લાલરે. ॥ ઋ૦ ॥ ૬ ॥
અઢાર છ અવસર લહી, રૂડો આસો માસ લાલરે;
શુકલપક્ષ દસમી ભલી, તું છે મારો નાથ લાલરે. ॥ ઋ૦ ॥ ૭ ॥
ઉદ્ધાર એની પ્રતિમા ભલી, સિદ્ધાચલ ભાવનગર મોઝાર લાલરે;
બે દેહરાં દરશન કર્યાં, પ્રભુ જગત્રય રાય લાલરે. ॥ ઋ૦ ॥ ૮ ॥
વાલેસર સુણો વિનતી, ચાકરી આણી ચિત્ત લાલરે;
પં. ભાગ્યચંદ રૂપનો, દરિસણ દેજો નિત્ય લાલરે.* ॥ ઋ૦ ॥ ૯ ॥

* વિ. સં. ૧૮૦૬ ના ચાતુર્માસમાં અચલગચ્છીય ભક્તિસાગરજીના શિષ્ય રૂપસાગરજીએ આ સ્તવનની રચના કરી હતી. આ સ્તવન ભાવનગરના શ્રી ગોડી પાર્શ્વનાથજીના જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રજનીની દીવાળી

શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

(અમાવાસ્યાને દિવસે સૂર્ય અને ચંદ્ર સાથે રહે છે. રાત્ર એકાંત અનુભવે છે ત્યારે તે પોતાના મનોરંજન માટે તારલાઓના દીવા પ્રગટાવે છે અને ઉલ્કા જેવા ખરતા તારલાઓના અગ્નિના ફૂલો વરસાવી દીવાળી ઉજવે છે, પણ રવિ ઊગતા એ બધું નષ્ટ થઈ જાય છે. એ પ્રસંગ લઈને જડ અને ચેતનાના સ્વરૂપો ઓળખાવ્યા છે.)

(હરિગીત)

શશિ ને રવિ ભેટ્યા પરસ્પર, સ્નેહભાવે પશ્ચિમમાં,
સહવાસમાં જે એક રાત્રિ, મિત્રભાવે રંગમાં;
રજની[1] થઈ ત્યાં શૂન્ય દીસે, કોઈ નહીં અજવાળવા,
એ એકલી કીમ સમય કાઢે, શૂન્યતામાં ગાળવા. ૧

નિજ નાથ[2] રહીયો મિત્ર[3] સાથે, સ્નેહ મંગલ સાણવા,
સૂની પડી એકાંતમાં, અંધાર ચાદર ઓઢવા;
વીતાવશું કીમ સમય સઘળો, શૂન્ય હૃદયે દુઃખમાં ?
ઝૂરી રહી મનમાં તદા, સુવિચાર સૂઝ્યો ચિત્તમાં. ૨

ધાર્યું તદા મનમાં દિવાળી, રોશની દીવા તણી,
કરવી અનંતા દીપકો, પ્રગટી ઝળાહળ રંગની;
આકાશમાં પ્રગટ્યા અનંતા, તારલાના દીપકો,
રજની રમા સુપ્રસન્ન થઈ ત્યાં, દેખતા બહુ તારકો. ૩

દીપાવલી શૃંગાર ધારે, વિવિધ આકૃતિ દીપની,
મત્સ્યાકૃતિ કંકણ મનોહર, હાર વર્તુલ રોશની;
મંદાકિની[4] શોભી રહી, આકાશગંગા ઝળહળી,
જે મનહર રત્ને જડી, શૃંગારમાલા છે ભલી. ૪

ઋષિ[5] સપ્ત ધારે દીપકો, ઋષિપત્ની દીવી કર ધરે,
ફરતા રહી આકાશ પ્રાંગણુ, ઉજળું જન મન હરે;

---

૧. રાત. ૨ ચંદ્ર. ૩ સૂર્ય. ૪ આકાશગંગા. ૫ સપ્તર્ષિ તારકાપુંજ.



For Private And Personal Use Only

ઉડુગણ યથા સહુ પ્રગટ રજની, સાન્નિધ્યને રીઝવવા,
રાત્રિ બની આલંકૃતા, નિકળી સુખેથી મ્હાલવા. ૫

ચંપા ચમેલી મલ્લિકા, નિશિગંધ ગંધિત માલતી,
નવમલ્લિકા ને રાતરાણી, મધુર ગંધે મ્હાલતી;
રંજિત કરે રજની રમાને, કુસુમ ગંધ સમર્પતી,
રાણી દીસે સ્વર્ગીય દેવી, નૃત્ય કરતી ભાસતી. ૬

નભ પ્રાંગણે એ રંગવલ્લી[1], ચિત્ર આકૃતિ ચિત્રતી,
નિજ આત્મ નિર્ભર મોદ કરતી, ખેલ કુતુહલ રાજતી;
ઉલ્કા[2] મિષે એ ગગનમાં બહુ, અગ્નિકુસુમો[3] ખેલતી,
મોદે ઘણી એ રમત કરતી, દેવદીવાળી છતી. ૭

બુધ શુક્ર ગુરુ શનિ તેમ મંગળ, રત્ન જુજુઆ રંગના,
એ ગૂંથિયા મણિ મૌક્તિકોથી, ધારતી રજની રમા;
આનંદ મોદ પ્રમોદ વિલસે, યામિની[4] સુખ શોભતું,
એ મુક્ત કુતુહલ ખેલતી, નાચે રમે મન ભાવતું. ૮

ત્યાં અગ્રગામી દૂત રવિના, ખગગણો[5] જાગી ગયા,
બિરુદાવલી બોલે રવીની, ગાન ગાતા એ થયા;
અરુણે પસારી નિજ મહા[6], અજવાળતી આકાશને,
રજની થઈ લજ્જિત છુપાઈ, જવનિકા[7] પાછળ મને. ૯

તારા અને ગ્રહદીપકો, સહુ ઓલવાયા વેગથી,
ત્યાં જ્ઞાનદીપક ભાનુ પ્રગટ્યો, સત્ય આત્મિક ભાવથી;
અજ્ઞાન અંધારું ગયું ને, ઝળહળ્યો રવિ તેજથી,
સાક્ષાત્ પ્રગટી વસ્તુ નિજ નિજ, સ્વરૂપને બતલાવતી. ૧૦

તમતિમિર જાતા મોહ તારા, સર્વ અસ્તંગત થયા,
સહુ નિજ સ્વરૂપે જડ અને ચેતન, બધા પ્રગટી રહ્યા;
ઓળખ ખરી પ્રગટે સદા, નિજ ધર્મની[8] પરધર્મની[9],
ચૈતન્યની ને પુદ્ગલોની, સ્વગુણ તે કર્તવ્યની. ૧૧

રજની ગઈ જડતાતણી, અંધારની જગમોહિની,
જે ખેલ ને કુતુહલતણી, સંસારપોષક રંજની;
ઊગ્યો રવિ જે જ્ઞાનકિરણો, પસરતો મનપ્રાંગણે,
બાલેન્દુ વિનવે ઉજળા હો, આત્મદેશો સર્વને. ૧૨

---

૧ રંગવલ્લીની ચિત્રામણ. ૨ ખરતા તારા. ૩ ફુલઝરી. ૪ રાત્રિ.
૫ પંખીઓ. ૬ પ્રભા. ૭ પડદો. ૮ આત્મધર્મ. ૯ જડનો ધર્મ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીનું સ્તવન

( નોધારું કેમ રહેવાશે, જેલના દહાડા દોહલા જાશે–એ રાગ )

આવી નવ પદની ઓળી, કર્મોને નાખો રોળી;
અરિહંત, સિદ્ધ, આચાર્ય ને, ચોથા ઉપાધ્યાય,
પંચમપદ સર્વ સાધુનું, જપતાં નવનિધ થાય.
ટાળો ભવ રોગની હોળી....કર્મોને૦ આવી૦ ૧

છઠ્ઠે દર્શન સાતમે જ્ઞાન, આઠમે ચારિત્ર જોય,
નવમે તપ પણ બાહ્ય તપમાં, ઉત્કૃષ્ટ આંબીલ હોય;
દુષ્કર્મ કાઢો ખોળી....કર્મોને૦ આવી૦ ૨

આસો ચૈત્રમાંહે અટ્ઠાઇ, શાશ્વતી કહેવાય,
દેવોનો પણ નંદીશ્વરદ્વીપે, અટ્ઠાઇ ઓચ્છવ થાય;
જિનવાણી પીવો ઘોળી....કર્મોને૦ આવી૦ ૩

આંબેલ તપનો મહિમા મોટો, ઉત્તમ ને પવિત્ર,
રોગ ગયો ને સંપદા પામ્યા, સુણો શ્રીપાળ ચરિત્ર;
નિકાચિત નાંખો ચોળી....કર્મોને૦ આવી૦ ૪

માટે કરીને ઉત્તમ ભાવથી, કરજો આંબિલ તપ,
એક ધાનનાં એકાશી નવ દિન, વળી નવપદનો જપ;
ભરો તુમે ભાવની ઝોળી....કર્મોને૦ આવી૦ ૫

આઠસો ચોવીશી અમર રહેશે, નામ રાજર્ષિ ચંદ,
વર્ધમાન તપનો મહિમા એવો, પડે કષાયો મંદ;
મિથ્યા તિમિર નાખો ઢોળી....કર્મોને૦ આવી૦ ૬

આંગી રચાવો ભાવના ભાવો, દીપાવો નવ દિન,
ગુણણું ગણો વ્યાખ્યાન સુણો, પ્રભુભક્તિમાં લીન;
નવપદ પૂજાની ટોળી....કર્મોને૦ આવી૦ ૭

ભક્તિ કરો કંચન જેવી, થાય ભાસ્કર પ્રકાશ,
વિધિ સહિત ઓળી આરાધો, શુદ્ધ સમકિતથી ખાસ;
વરો શિવસુંદરી ભોળી....કર્મોને૦ આવી૦ ૮

**મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી**



For Private And Personal Use Only

# હવે મુજ દાન દેવાર

લે. પં. શ્રી [illegible]

( ૧ )

મનોરંજનના અનેક પ્રકારોમાં નટ-કળા પણ એક છે. નટ વિવિધ ખેલ ખેલે, વંશનૃત્ય કરે. અંગકસરતો દાખવે, કે જોઈને જનતા તેના ઉપર વારી જાય. નટ ઉપર ખુશખુશાલ થયેલા લોકો દાનનો વરસાદ વરસાવે—એવો તો એ વરસાદ વરસે કે નટને જીવનનું સુખ મળી જાય—પણ દાન દેવાની પહેલ જનતા ન કરી શકે, રાજા પ્રથમ દાન આપે, પછી પ્રજા આપે—આ પ્રણાલિકા હતી.

સુન્દર મંડપ બાંધ્યો હોય, ઊંચી બેઠકે રાજા બિરાજતા હોય, યોગ્ય વ્યવસ્થા પ્રમાણે અન્ય સર્વ બેઠા હોય અને નટ એક પછી એક ખેલ ભજવતો જતો હોય. ઘણો કાળ જાય અને રાજા ન રીઝે તો નટ રાજાને વિનવે.

એવી એક વિનતિ આ છે.

વિનતિ કરનાર નટ કુશળ છે. તે જેમાં નાચી રહ્યો છે તે મંડપ વિશાળ છે. નાટક નીરખી રહેલા રાજા સમર્થ છે. તેણે કહ્યું-કથ્યું-કવ્યું.

**"સિદ્ધારથના રે નન્દન! વિનવું,**
**વિનતડી અવધાર"**

સલૂકાઈભર્યું સમ્બોધન કર્યું કે જેમાં વંશ-પરંપરાગત ઊતરી આવેલી કુલીનતા ઉપસી આવી. વિનતિ તરફ મહારાજાનું લક્ષ્ય દોરાય માટે ભાવપૂર્વક અવધારવા કહ્યું.

શી વિનતિ કરવાની છે? એ જણાવતા પોતાનું કાર્ય—કરેલું કાર્ય પ્રથમ જણાવે છે. એ જણાવતાં પોતે આગળ વિનતિ કરવાને હક્કદાર છે એ પણ વ્યક્ત થાય છે.

**"ભવમંડપમાં રે નાટક નાચીયો"**

નાટક કરવું ગમતું ન હતું-હજુ પણ ગમતું નથી પણ બીજો કોઈ ઉપાય નથી એટલે નાટક નાચ્યો—ભવમંડપમાં નાટક નાચીયો. કર્મવશ નટ બન્યો છું અને નાટક નાચું છું. અત્યાર સુધી હું અજ્ઞાન હતો. હવે મને જ્ઞાન થયું છે. હું સમજ્યો છું કે આપ પણ એ નાટકમાંના એક છો. આપની સામે હું નાચ્યો—હવે મને આપની પાસે માંગણી કરવાનો અધિકાર છે, એ અધિકારની રૂએ હું કહું છું કે—

"હવે મુજ દાન દેવાર—
હવે મુજ પાર ઉતાર—"

હવે મને દાન આપાવ. તમે દાન આપો એટલે બીજા બધા આપે. મને મારા કર્તવ્યમાંથી પાર ઉતારો. દાન આપો એટલે હું કર્તવ્યનો પાર પામું. વિનવું—

( ૨ )

આપને શું દાન આપવું એ મૂંઝવણ થતી હશે? થવી તો ન જોઈએ પણ આપને એમ થતું હોય કે આ આપીશું તો નાચનારને ઓછું તો નહિં પડે? પણ હું એવો નથી, આપ તો અનંત રત્નોના માલિક છો, તેમાંથી મારે ફક્ત—

**"ત્રણ રતન મુજ આપો તાતજી"**

મને હે તાત! ત્રણ જ રત્નો આપો. મારી આ આશા વધુ પડતી નથી—જરી પણ નથી. જ્ઞાન, દર્શન અને ચારિત્ર—આ સાચા ત્રણ રત્નો મારે બસ છે. મારા બધા દુઃખો એથી ટળી જશે. એ રત્નો મને મળશે એટલે—

**"જેમ નાવે રે સંતાપ"**

કોઈ સંતાપ-કષ્ટ મને નહિં આવે. આપ જેવા દાનવીર પાસે મારી આ માંગણી કેટલી નાની અને નજીવી છે? આ આપતા આપ હવે જરી પણ કચવાટ કરશો નહિં. આપવું એટલે આપવું. આપવું છે તો શા માટે વિલંબ કરવો? શા માટે વિચાર કરવો? શા માટે સંકોચ રાખવો?

**"દાન દીયંતા રે પ્રભુ કોસર કીસી?"**

અને આપ આપો ત્યારે તો રાજ્યના રાજ્ય આપી દ્યો છો. આપનારને આપે આપની પદવી પણ આપી દીધી છે—એ હું ક્યાં નથી જાણતો?

**"આપો પદવી રે આપ"**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા સમર્થ વદાન્ય-દાનશૂર આપની પાસે હું તો ફક્ત ત્રણ રત્ન માગું છું—વિનવું—

( ૩ )

આપ શૂરવીર છો-આપની વીરતા પ્રથમથી-જન્મ્યા તે જ દિવસથી પ્રકટ છે. દાન આપવાનું કાર્ય વીર જ કરી શકે-કાયરથી એ ન બને. આપની વીરતા જ ઉત્તરોત્તર ખીલતી આવી છે—

આપનો જન્મ થયો. મેરુપર્વત પર ઈન્દ્ર મહારાજા આપને અભિષેક માટે લઈ ગયા. આપની નાની ને નાજૂક કાયા અને સાગરસમા કળશો એ સરખામણીમાં ઇન્દ્ર અટવાઈ ગયા અને આપે આપની વીરતા પ્રકટ કરી—

"ચરણ અંગૂઠે રે મેરુ કંપાવીયો"

અંગૂઠે-પગના અંગૂઠા માત્રથી મેરુને ચાંપ્યો અને એ કંપી ઉઠ્યો-નાચી રહ્યો-ધ્રૂજી ગયો. ઇન્દ્ર અને દેવો જોઈ રહ્યા. એમનું અભિમાન ગળી ગયું. વળી આપ વનમાં આવ્યા. રમત રમતા હતા ત્યારે નાગરૂપે દેવ આવ્યો અને એકલા હાથે ખેંચીને ફેંકી દીધો-ખભે બેસાડીને જંગલમાં લઈ ગયો ત્યારે મુઠી મારીને ભોં-ભેગો કરી નાખ્યો. એ પણ નમી ગયો. એમ આપે—

"મોડ્યા સુરના રે માન"

આપે દેવોના માન દળી નાંખ્યા એ કાંઇ આપનું બહુ મોટું કાર્ય ન ગણાય, પણ જ્યારે આપ શત્રુને જીતવા માટે તૈયાર થયા-આઠ કર્મના ઝગડાને જીતવાને માટે આપને ઉમંગ જાગ્યો-તે વખતે આપની વીરતા કોઈ ઓર જ હતી. આપ તે સમયે જે કોઇ માગે એ આપતા સંકોચાતા નહિં. આપને આ આપવું ને આ ન આપવું એવો વિચાર પણ આવતો નહિં. વરસ સુધી આપે આપ્યા જ કર્યું-ખોબે ભરી ભરીને આપ્યું, સવારથી શરૂ કરીને માથે સૂર્ય આવે ત્યાં સુધી-૩૬૦ દિવસ દાન દીધું. લોકો એ પ્રસંગ ભૂલ્યા નહિં. રહી ગયા એ પસ્તાયા-પાછળ પડ્યા-આપની પાસે પછીથી પણ આવ્યા—

"આઠકરમના રે ઝગડા જીતવા,
દીધું વરસી રે દાન"

એવા દાનેશ્વરી આપ છો-તો આપને હું ન વિનવું તો બીજા કોને વિનવું ?—વિનવું—

( ૪ )

આપને મને આપવા માટે કોઇને કાંઇ પૂછવાનું નથી. આપ ખૂદ ધણી છો, આપ સર્વસ્વ છો, આપ શાસનના નાયક છો, આપે અનેકને મોક્ષસુખ આપ્યું છે.

"શાસનનાયક શિવસુખદાયક"

આપ નાયક છો-દાયક છો. આપે આપની માતાની કૂખ દીપાવી છે, આપના ચરિત્રથી આપની માતા પણ ગર્વ લે એવું છે-એ ત્રિશલા માતાને ધન્ય છે કે આપ સમા રત્નને જન્મ આપ્યો. આપ—

"ત્રિશલા કૂખે રતન"-છો

મહારાજા સિદ્ધાર્થ પણ ભાગ્યશાળી છે, એ જ્ઞાતવંશ પણ ઉજ્જ્વળ છે, એ વંશ અને કુળ દીપાવનારા આપ છો. આપે—

"સિદ્ધારથનો રે વંશ દીપાવીયો"

વંશવિભૂષણ, કુલદીપક, રત્નકુક્ષિમાતૃક એવા આપને ધન્ય છે. વારંવાર ધન્યવાદ છે. આપ જ સાચા ધન્યવાદને યોગ્ય છો. ખરેખર—

"પ્રભુજી તમે ધન્ય ધન્ય !"

આવા ધન્યવાદને ઝીલનારા આપને વિનવું—

( ૫ )

આપની સમીપે નૃત્યકળા જે મેં બતાવી છે અને હાલમાં બતાવી રહ્યો છું-તેમાં પણ આ નૃત્ય કળા બતાવીને આવી માગણી કરી રહ્યો છું એ માટે મેં પણ સુન્દર અનુભવ મેળવ્યો છે. એ અનુભવ જેવા તેવા પાસેથી નથી મેળવ્યો એ પણ કુશળ-ગીતાર્થ-વાચકશિરોમણી, કીર્તિવિજયજી ગણિવર્ય જેવા ગુરુમહારાજ પાસેથી મેળવ્યો છે. આ કાંઇક બોલી શકું છું તે તેમનો પસાય છે.

"વાચકશેખર કીર્તિવિજય ગુરુ,
પામી તાસ પસાય."

આપ ધર્મ-શાસન વ્યવસ્થિત સ્થાપન કરનારા ચોવીશમા જિનેશ્વર છો. આપ છેલ્લા જિનવર છો. આપને ચાટે મારી માંગણીનો સ્વીકાર કરવો એ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

(૧૪)

અનેક નદીનાળાં, પર્વતો અને જંગલો પસાર કરતાં વિશ્વભૂતિ મોટા લશ્કર અને ભારે સરંજામ સાથે વિંધ્યાચળ પર્વત ઉપર આવ્યો. ત્યાં એણે અદ્‌ભુત સૃષ્ટિસૌંદર્ય નજરે જોયું. અહીંથી પુરુષસિંહનું મંડળ શરૂ થતું હતું. ત્યાં અવલોકન કરતાં ત્યાંના લોકોને પ્રમોદપૂર્વક વિલાસ કરતાં અવલોકયાં, તેમને ગાયો, ભેંસો, ઊંટો, રાસભ પ્રમુખ પશુઓ તથા ધન ધાન્યથી સમૃદ્ધ જોયાં, તે પ્રદેશનાં નગરો અને ગામો સુખી દેખાયાં અને નગરજનોને અને આગેવાનોને મળતાં તેઓ સર્વ રીતે આનંદી અને સંતોષી દેખાયાં, તેમજ પુરુષસિંહના સુરાજ્યની પ્રશંસા કરતાં સાંભળ્યાં. આ હકીકત જાણી એને મનમાં ગૂંચવણ થઇ, પણ સ્વભાવે ઉદાર હોવાથી તેના મનમાં કોઈ જાતની શંકા ન આવી.

પુરુષસિંહનું નગર દૂર હતું, પણ એના મંડળમાં વિશ્વભૂતિએ પ્રવેશ કર્યો, ત્યાં તો મંડળેશ્વરના માણસો આવી પહોંચ્યા, એનો ભારે સત્કાર કર્યો અને મંડલેશ્વર પુરુષસિંહ તેમના પધારવાના સમાચાર જાણી ખૂબ રાજી થયા છે અને તેમનું આતિથ્ય કરવા ઉત્સુક છે એવા સમાચાર મળતાં અને આખા મંડળના લોકોના પ્રેમ, ઉત્સાહ અને આનંદને નિહાળતાં વિશ્વભૂતિએ આગળ પ્રયાણ કર્યું. મંડલેશ્વરની રાજધાનીએ પહોંચતાં પુરુષસિંહે એનું સામૈયું કર્યું, પોતાના અહોભાગ્ય મનાવ્યા અને અત્યંત આદરથી વિશ્વભૂતિનો સત્કાર કર્યો, એને ખૂબ આગ્રહથી પોતાને ત્યાં ઘણા દિવસ સુધી રાખ્યો અને એની સાથે જ્ઞાનગોષ્ઠી અને આનંદ–વિહાર એવાં કર્યાં કે વિશ્વનંદી પોતે તેની સાથે લડવા આવ્યો હતો, એ વાત પણ વીસરી ગયો. લડવૈયા માણસોમાં અભિમાન અને ક્રોધ વધારે પડતા હોય છે. તેમજ તેમના સ્વભાવમાં ખેલદીલી પણ ખૂબ હોય છે. એકાદ વખત એને પોતાના આવવાનું પ્રયોજન યાદ આવ્યું, ત્યારે એણે મનમાં માની લીધું કે કોઇ જાતના સાચાખોટા સમાચારથી મહારાજા વિશ્વનંદી દોરવાઈ ગયા હશે એમ જણાય છે, બાકી પુરુષસિંહની વફાદારીમાં જરા પણ મીનમેષ હોય તેવું તેના જોવામાં ન

---

ઉચિત છે. તેમાં આપનો યશ વધશે, બાકી આપ આપો કે ન આપો પણ અમે તો આપના ગુણ ગાઇશું. અમે અમારું કર્તવ્ય ચૂકશું. આપવું ન આપવું એ આપની મરજીની વાત છે.—

"ધર્મતણા એ જિન ચોવીશમા,
વિનયવિજય ગુણ ગાય."

માટે–આપ અમારી વિનતડીને હૃદયમાં ઉતારજો અને સફળ બનાવજો એમ ફરી ફરી વિનવું.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી વિનયવિજયજી મહારાજ વિરચિત સ્તવન ચોવીશીનું છેલ્લું સ્તવન ઉપર પ્રમાણે છે. સ્તવન ભાવવાહી છે. શબ્દોની સરળતા અને મધુરતાને કારણે એ સ્તવન પ્રચલિત પણ ખૂબ થયેલ છે. તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે સુન્દર વસ્તુની ગૂંથણી પણ અર્થની દૃષ્ટિએ આકર્ષક છે.

ઇતર દર્શનના એક વિશિષ્ટ કવિએ ઇશ્વરને ઉપરના ભાવને અનુરૂપ કહેતાં કહ્યું છે કે–"હે પ્રભો! તું જેમ નચવે છે તેમ હું નાચું છું. મારા નાચથી જો તને સંતોષ થયો હોય તો મને દાન આપ–મારી ઇચ્છા પૂર્ણ કર. અને જો તને સંતોષ ન થયો હોય–મારામાં યોગ્યતા ન હોય તો મને બરતરફ કર, અયોગ્ય માની મારી પાસેથી નાચવાનું બંધ કરાવ, એમાંથી એક તો કર."

ઉપરના ભાવમાંથી ઉત્તર–પછીની માગણી જૈન દર્શનમાં અનુરૂપ ન બની શકે. એટલે પૂર્વ–પ્રથમની માગણી ઉપરોકત સ્તવનમાં સુન્દર અને સાંગોપાંગ ખીલી ઊઠેલી સ્પષ્ટ જણાય છે. છેલ્લે છેલ્લે આપણે પણ પ્રભુને વિનવી લઇએ કે—

"હવે મુજ દાન દેવાર"



For Private And Personal Use Only

આવ્યું, એના સત્કારમાં જરા પણ ખોટો દેખાવ કે માયલા હોય એવું પણ ન લાગ્યું, અને પુરુષસિંહ સંબંધી આવેલ બાતમી તદ્દન બનાવટી હશે કે કોઇએ દુશ્મનદાવે ઊભી કરી હશે એમ એને જણાયું અને પુરુષસિંહના આદરસત્કાર અને પરોણાગતમાં એ તો એટલો લેવાઇ ગયો કે પોતાનું ત્યાં આવવાનું મૂળ કારણ લગભગ વીસરી ગયો. આવી સરળતા, વિશાળતા, ઉદારતા અને દાક્ષિણ્યતા ઘણાખરા લશ્કરી માણસો કે રમતગમતમાં ભાગ લેનારાઓમાં હોય છે. એ લડે ત્યારે પૂરેપૂરા, પણ જ્યારે એ વાત મૂકી દે ત્યારે એનામાં ખેલદીલી (Sportsmanship) અજબ પ્રકારની હોય છે. તે જ પ્રમાણે ગોલ્ફ, ક્રીકેટ, ફુટબોલ વગેરે વ્યવસ્થિત રમતો રમનારના દીલમાં કચવાટ કે કીનાખોરી હોતી નથી. રમે ત્યારે ગંભીર, પણ પછી વાત સંભારે પણ નહિ અને સામા માણસને કોઇ દિવસ આક્ષેપથી નવાજે નહિ, આશયોનો આક્ષેપ કરે નહિ અને ખોટા વહેમના તરંગો ઊભા કરે નહિ.

વિશ્વભૂતિએ પુરુષસિંહની મહેમાનગીરીનો ખૂબ લાભ લીધો, બન્ને વિદ્વાનો હોઇ થોડી ચર્ચા-વાર્તાઓ પણ કરી, વિદાય કરતી વખતે પુરુષસિંહે હાથી, ઘોડા, રથો અને ધનની મોટી ભેટ વિશ્વભૂતિને કરી અને જાણે ભાંઇઓ જુદા પડતા હોય ત્યારે ખેદ થાય તેવો સ્નેહ બતાવ્યો. અંતે પરદેશીનો પ્રેમ પીતળ જેવો છે એવી વાત કરતાં અને સત્સમાગમની તક દૂર થવા માટે ખેદ ધરતાં જ્યારે બન્ને જુદા પડ્યા ત્યારે આનંદ અને વિયોગ દુઃખ દેખાઇ આવ્યા અને થોડા દિવસના પરિચય માટે અરસ્પરસ લાગણી બતાવી, ફરી મળવાની આશા-ઇચ્છા બતાવી પાછું પ્રયાણ આદર્યું ત્યારે વિશ્વભૂતિના દિલમાં પુરુષસિંહની સજ્જનતા અને ઉર્મિલપણા માટે આનંદ ઉદ્ભવ્યો અને એની પરોણાગત માટે મનમાં સાચી લાગણી થઇ આવી. વિશ્વભૂતિએ આ રીતે પ્રયાણ, રહેઠાણ અને પશ્ચાત્પ્રયાણમાં લગભગ ત્રણેક માસનો સમય વ્યતીત કર્યો.

એની ગેરહાજરીનો લાભ લઇ મહારાજા વિશ્વનંદીએ એના પરિવારને ઉદ્યાન ખાલી કરવા જણાવી દીધું. ઉદ્યાન ખાલી થતાં મહારાજાનો પાટવી વિશાખનંદી ત્યાં પિતાની આજ્ઞાથી રહેવા આવી ગયો. પોતાની રમણી અને દાસદાસીઓની વચ્ચે એણે તો આનંદ-વિલાસની ધમાલ આદરી દીધી અને વિશ્વભૂતિનો પરિવાર એના ખાસ મહેલે ચાલ્યો ગયો. મહારાણી પ્રિયંગુ રાજી થઇ અને એની રીસ દૂર થઇ ગઇ. વિશ્વભૂતિ જ્યારે વિજય પ્રયાણમાંથી રાજગૃહ પાછો આવ્યો ત્યારે એણે પોતાની સાથેના સામંત, સેનાપતિ વગેરે સર્વને પોતપોતાને સ્થાને મોકલી દીધા અને પોતે પોતાના પરિવારને મળવાને ઘણા વખતથી ઉત્સુક હોઇ પુષ્પકરંડક ઉદ્યાન તરફ ચાલ્યો. એના દરવાજા પર પહોંચતાં જ એને ખબર પડી કે એ ઉદ્યાનમાં તો અત્યારે કુમાર વિશાખનંદી વસવાટ કરી રહ્યા છે અને તે પોતાના અંતેઉર સાથે અંદર ક્રીડા કરે છે અને તેના પોતાના પરિવારને તો તેની ગેરહાજરીમાં બગીચો ખાલી કરવો પડ્યો છે.

સમાચાર સાંભળતાં વિશ્વનંદીને ભારે નવાઇ લાગી. તપાસ કરતાં જણાયું કે પોતે પ્રયાણ કર્યું તે જ દિવસે કુમાર વિશાખનંદી ત્યાં આવી ગયેલ છે. પૃચ્છા કરતાં જણાયું કે પોતાના પ્રયાણ સમયે જ એના પરિવારને ઉદ્યાન ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું અને આખી વસંત ઋતુ અને ગ્રીષ્મમાં વિશાખનંદી મહારાજનો જ ત્યાં વસવાટ તો થયેલ હતો.

સમાચાર સાંભળતાં જ વિશ્વભૂતિને ધ્રાસકો પડ્યો, કારમો ઘા લાગ્યો, હૃદય પર વ્યથા થઇ અને એની ભ્રૂકુટિ ચઢી ગઇ. અત્યાર સુધી એના મનમાં વહેમ નહોતો પડ્યો તે તુરત જ જાગ્રત થઇ ગયો, પોતાને બહારગામ શા માટે મોકલવામાં આવ્યો હતો તે વાતનું કારણ તેની કલ્પનામાં આવી ગયું. આજ ત્રણ ચાર મહિને પોતે પાછા આવે છે ત્યારે રાજા તરફથી તેનો કાંઇ ખાસ સત્કાર થયો નહિ તેનું કારણ પણ તેની કલ્પનામાં આવી ગયું અને આખા કિસ્સામાં એને ખોટી ચાલાકી, માનસિક નબળાઇ અને પોતાનું અપમાન દેખાયાં. એણે વિશાખનંદીના માણસો સાથે વાતચીત દરમ્યાન જણાવ્યું કે પોતે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે દિવસે વિજયપ્રયાણ કર્યું તે જ દિવસે પોતાના પરિવારનો ઉદ્યાન-બગીચો ખાલી કરવાનું રાજફરમાન મળી ગયું હતું. એને તો આ હકીકત સાંભળી આગ વ્યાપી ગઈ, મનમાં અત્યંત ખેદ આવી ગયો અને પોતાનો ક્રોધ વ્યક્ત કરવા પોતાની સામે કોઠા-(કપિત્થ)નું ઝાડ હતું તેના પર એણે મુઠ્ઠીનો પ્રહાર જોરથી કર્યો. માણસ જ્યારે આવેશમાં આવે છે ત્યારે પોતાનો ક્રોધ નજીકની વસ્તુ કે માણસ ઉપર પહેલાં તો ઉતારી નાખે છે અને એ રીતે પોતાનો ક્રોધાગ્નિ ખાલી કરે છે. એ અત્યંત બળવાન હતો. એના એક પ્રહારથી કોઠાનું ઝાડ થરથરી ગયું, આખી પૃથ્વી ધણધણી ગઈ અને ઝાડ પરનાં સર્વ કોઠાંઓ એના એક હસ્તપ્રહારથી જમીન પર પડી ગયાં. એ માત્ર એટલું જ બોલ્યો: 'હરામખોરો! અધમો! આ કોઠાંની પેઠે તમારાં માથાંઓનો હમણાં ઢગલો કરી નાખું, પણ કુળની મર્યાદા આડી આવે છે, તાત મહારાજ વિશ્વનંદીની લાજ નડે છે, વડીલોની આબરુ નજર પર આવે છે, નહિ તો તમને બધાને આવા વાહીઆતપણાનો બદલો દેખાડત. ધિક્કાર છે તમારા કુલાંગારપણાને અને ફિટકાર છે તમારા ઉદ્યાનમાં રમણ કરવાના કુતૂહલને!'

આવાં વચન એણે કહ્યાં તો વિશાખનંદીના નોકરોને, પણ ખરી રીતે એનો આશય વિશાખનંદીને સંભળાવવાનો હતો: વિશાખનંદી બહાર નીકળ્યો નહિ. વિશ્વભૂતિ જાતે બહાદુર લડવૈયો હતો, પોતાની જાત પર અનેક પ્રકારના અંકુશો રાખે તેવા પાકા હૃદયબળવાળો હતો અને છતાં કુળાભિમાન અને જાતિઅભિમાનનો પાકો વારસદાર હતો. મરીચિના ભવથી એનામાં અભિમાનની જે માત્રા લાગી ગઈ હતી તે હજુ ચાલુ જ હતી અને તે એના સ્વભાવનો એક ભાગ બની ગઈ હતી. એણે જોયું કે આખી યોજનાની પાછળ યુવરાજ વિશાખનંદીનો કારમો હાથ છે. એને વિલાસ અને વિષયો તરફ ઘણો ખેદ થયો. વિષયોને પરવશ થયેલો માણસ ન કરવાં યોગ્ય અનેક કામ કરી બેસે છે. અને પાછાં એનાં ફળ બેસે છે ત્યારે સામી છાતીએ ઘા લેવા આવતાં પણ અચકાય છે! એક સપાટામાં એના મનમાં વિષયોની અધમતા, કામદેવની વિષમતા અને સ્વભાવની તુચ્છતા પર વિચાર આવી ગયો અને આવા સ્વાર્થી સંસારમાં શા માટે ભવ વેડફી નાખવો એવો વિચાર આવતાં વિશાખનંદીના માણસો તરફ ઉઘાડો તિરસ્કાર બતાવતો એ ત્યાંથી ચાલી નીકળ્યો. નોકરચાકરો તો એની શક્તિ, અડગતા અને મક્કમતા જોઈ રહ્યા અને પૂતળાની જેમ જડ બની ગયા. આ સર્વ હકીકત પુષ્પકરંડક ઉદ્યાનના પ્રવેશદ્વાર આગળ બની ગઈ.

લોકોનું સ્વાર્થીપણું, વિષયોએ કરેલ માનસિક દુર્દશા અને મન્મથે ઉપજાવેલ વેવલાઈનો પ્રત્યક્ષ ખ્યાલ આવતાં બહાદુર વિશ્વભૂતિને આવા સડેલા સંસારમાં જીવન વીતાડવાનો કાંઈ અર્થ ન લાગ્યો. એ શરીરે બહાદુર હતો, તેમ એના મન પર કાબૂ હતો. જેમ તાત્કાલિક આવેશમાં એ કોઠાનાં ઝાડને તાડના કરવાનું બળ દાખવી શકે તેવો હતો તેટલા જ ધૈર્ય અને નિર્ણયથી એ વિષયોને અને સંસારને લાત મારી શકે એવા માનસિક બળવાળો પણ હતો. માણસો વિષયોને આધીન થઈ કેવા પ્રપંચો ખેલે છે, કેવા હલકા થઈ જાય છે, કેવી નબળાઈઓ દાખવે છે અને કેટલા અન્યાયો કરી બેસે છે એનો ખ્યાલ કરતાં, એને આ ઇંદ્રિયના વિષયો અને રાજપાટના વિલાસો ઉપર જ વિરાગ આવી ગયો. એના સ્વભાવમાં સાધારણ રીતે આવેશ ઘણો હતો એટલે એણે ઘેર જવાને બદલે આ સર્વને છોડી દેવાનો ખ્યાલ કર્યો અને વિશાખનંદીને પડકાર કરીને તેને હઠાવવાને બદલે પોતે સર્વથી દૂર થઈ જવાનો અને આવા સંસારની માયાજાળથી ખસી જવાનો વિચાર કરી નાખ્યો. પછી એણે ન કર્યો પોતાની પત્નીઓનો વિચાર કે ન કર્યો પોતાના કાકાનો વિચાર! આ આખા તરકટમાં મહારાજા કાકા વિશ્વનંદીનો હાથ હશે કે નહિ એનો તાગ લેવાની એણે ધારણા પણ ન કરી અને એ તો ઘેર ગયા વગર, પત્નીને મળ્યા વગર, કાકાને ભેટ્યા વગર કે કોઈ જાતની ધમાલ કર્યા વગર ત્યાંથી સીધો **શ્રી સંભૂતિસૂરિ** પાસે ગયો.

For Private And Personal Use Only

## [illegible] લેખાંક : (૨)

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

પ્રવ્રજ્યાનો પ્રસંગ—

ગુરુદેવ, જે અપૂર્વ જ્ઞાનામૃત આપશ્રી મને પાઈ રહ્યા છો એ હજુ અધિક ને અધિક મેળવવાની મારી તીવ્ર અભિલાષા છે. મેં સાંભળ્યું છે કે શ્રી **વજ્રસ્વામી** નામના બહુશ્રુત, કે જેમને યુવાન વયમાં ગુરુમહારાજ દ્વારા આચાર્ય જેવા મહાન્ પદની પ્રાપ્તિ થયેલ છે, તેઓ પૂર્વ સંબંધી જ્ઞાનના નિષ્ણાત છે. તેમની સમજાવવાની શૈલી અદ્ભૂત છે. આપશ્રીની આજ્ઞા હોય તો મારી પિપાસા તૃપ્ત કરવા હું તેમની પાસે જવાની ભાવનાવાળો છું.

વત્સ, જેવી તારી 'ભાવના, તેવી તેની સિદ્ધિ.' આજ કેટલાક દિવસથી તારામાં વિદ્યા અર્જન કરવા પાછળની જે એકધારી તમન્ના મેં જોઈ છે, તેથી મને પણ વિચાર આવેલ કે આ વિનીત શિષ્યે મારો તો જ્ઞાનરૂપી વારસો સંભાળી લીધો, પણ એની શકિત જોતાં, **શ્રી વજ્રઋષિ** પાસે મોકલવામાં આવે તો, 'સોનામાં સુગંધ ભળ્યા જેવું'' શ્રેષ્ઠ કાર્ય થાય. તેઓશ્રીનો વારસદાર બને. પૂર્વે પાટલીપુત્રના શ્રી સંઘે પાંચસો મુનિઓને નેપાળમાં પૂજ્ય **શ્રી ભદ્રબાહુ-સ્વામી** પાસે ચૌદ પૂર્વનું જ્ઞાન મેળવવા મોકલેલા, પણ એમાં કેવળ એકલા **શ્રી સ્થૂલભદ્ર** જ ટકી રહ્યા. પૂર્વના ક્ષયોપશમ વગર આત્મકલ્યાણકારી આવા અપૂર્વ જ્ઞાનની પ્રાપ્તિ સુલભ નથી જ. મારા શિષ્ય તરીકે તું મારાથી સવાયો થાય એ જોવાની મને પણ તમન્ના છે જ.

પૂર્વે જોઈ ગયા કે પોતાની માતુશ્રીને આર્ય-રક્ષિતે જણાવેલ કે–'પૂજ્ય માતુશ્રી, હું તમારી આજ્ઞા મુજબ **તોસલિપુત્ર આચાર્ય** પાસે જઈ જરૂર **દૃષ્ટિવાદ અંગ** ભણી આવીશ. ઉપરનો વાર્તાલાપ ઉક્ત આચાર્યશ્રી અને શિષ્ય એવા આર્યરક્ષિત વચ્ચે જ ચાલી રહેલ છે; પણ વચલા ગાળામાં કેટલાએ મહત્વના બનાવો બની ગયા છે. જ્ઞાનપ્રાપ્તિ માટેનો જિજ્ઞાસુ દ્વિજપુત્ર શી રીતે આચાર્યશ્રી પાસે પહોંચ્યો, કેવી રીતે પ્રવ્રજ્યા સ્વીકારી અને વાર્તાલાપ વેળાએ કયા સ્થાનમાં વિરાજમાન છે એ અવધારી લેવાની ખાસ આવશ્યકતા છે. એ વૃતાન્ત જૈન દર્શનની પ્રણાલી ઉપર તેમજ દીક્ષાવિધિ ઉપર સુંદર પ્રકાશ ફેંકે છે.

માતાથી પ્રેરાઈને આર્યરક્ષિત જ્યાં તોસલિપુત્ર આચાર્યની વસતી તરફ આગળ વધે છે ત્યાં, ઉપપુર નામના ગામમાં રહેતો, પોતાના પિતાનો મિત્ર માર્ગે સામો મળ્યો. પોતાના મિત્રના સંતાનની વિદ્વત્તા અને રાજવીએ કરેલ સન્માનના સમાચાર જાણી, હાથમાં તાજી શેરડીનો સાંઠો લઈ તે મળવા આવી રહ્યો હતો. એ પાત્ર સામે મળતાં જ તે હર્ષાન્વિત થયો અને હાથમાંનો સાંઠો આર્યરક્ષિતના કરકમળમાં મૂકી દીધો. વિદ્વાન્ દ્વિજપુત્ર પણ આવા શુભ શુકનથી ખુશી થયો અને પોતે કયા કામે જઈ રહ્યો છે એ વાત પિતાના મિત્ર એવા ભૂદેવ મહાશયને જણાવી. શકુન સંબંધી ફળપ્રાપ્તિ વિચારતાં ઊભય પોતપોતાની દિશામાં આગળ વધ્યા. શેરડીના સાંઠાની સાડાનવ ગાંઠ જોતાં, સાડનવ પૂર્વ સુધીનું જ્ઞાન તો નિર્વિઘ્ને પ્રાપ્ત થશે એવું અનુમાન આર્ય-રક્ષિતે કર્યું. પ્રશ્ન ઉઠ્યો કે 'વસતી તો આવી પણ વંદનવિધિ તો આવડતી નથી.' ત્યાં તો 'મન ચંગા તો કથરોટમાં ગંગા' જેવું થયું. એક **ઢઢ્ઢર નામના** શ્રાવકને વસતીમાં પ્રવેશતાં, ને નિસિહી બોલી આગળ જતાં જોયો. એની પાછળ આર્યરક્ષિત પણ પહોંચી ગયા અને પેલા ઉપાસકે જે રીતે ગુરુવંદન કર્યું એ જ રીતે પોતે પણ કર્યું. આચાર્યશ્રીની

---

એને તે વખતે જે ઉપદેશ સાંભળવા મળ્યો તેને પરિણામે એને સંસારની અસારતા, પૌદ્ગલિક વસ્તુ-ઓની અલ્પ સ્થાયિતા અને સ્નેહ–સંબંધની વિરૂપતાનો જે ખ્યાલ અવ્યવસ્થિત રીતે થઈ આવ્યો હતો તે પાકો થઈ ગયો. (ચાલુ)

—રત્ન મૌક્તિક

નજર આગંતુક ઉપાસક એવા આર્યરક્ષિત પ્રતિ વળી ધર્મલાભના ઉચ્ચારપૂર્વક પ્રશ્ન કર્યો–

વત્સ, તારું આગમન કયા સ્થળથી થયું છે? મારી પાસેથી શું જાણવાની જિજ્ઞાસા છે? તું કોઈ નવીન શ્રાવક જણાય છે. ત્યાં તો નજિકમાં ઉભેલા એક શિષ્ય જણાવ્યું કે–

ભગવન્! રુદ્રસોમાનો આ પુત્ર, વેદાદિ શાસ્ત્ર પારંગત પોતે જ આર્યરક્ષિત નામે પ્રસિદ્ધ વિદ્વાન્ છે. તેમનું બહુમાન હજુ ગઈકાલે જ હાથીની અંબાડી ઉપર બેસાડી, સારાએ નગરમાં ફેરવી, અહીંના રાજવી તરફથી કરવામાં આવ્યું હતું.

આર્યરક્ષિતે આચાર્યશ્રીના પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું કે-રાજવીના એ સન્માનથી મારી માતુશ્રીને નથી તો સંતોષ થયો કે નથી તો એ વિદ્યા-પ્રાપ્તિથી હર્ષ થયો. એ કહે: દિકરા, આત્મકલ્યાણમાં ઉપકારી નિવડે એવું જ્ઞાન દ્રષ્ટિવાદ નામના અંગમાં છે, એમ મારા સાંભળવામાં છે, અહીં વિરાજમાન તોસલિપુત્ર આચાર્ય એ જાણે છે, તેમની પાસેથી એ શિખીને તું આવે ત્યારે જ મને આનંદ થાય. મેં પણ માતૃવચનને પ્રતિજ્ઞારૂપે સ્વીકારી લીધું છે અને એ કારણે અહીં આવ્યો છું.

ભદ્ર! જો તારી ઇચ્છા ખરેખર **દૃષ્ટિવાદ** ભણવાની જ હોય તો, એ પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા વિના બર આવે તેમ નથી જ; કારણ કે ગૃહસ્થોને એ બારમું અંગ ભણાવવાની આજ્ઞા નથી. અગિયાર અંગ ભણ્યા વિના એમાં પ્રવેશ કરવો શક્ય પણ નથી. વળી તેના અધ્યયન માટે વર્ષો જોઈશે.

ભગવન્! ભણવાની વાત નિશ્ચિત છે. માતાની એ માટે ખાસ ભલામણ છે. આજ્ઞાંકિત પુત્ર તરીકે માતુશ્રીને રાજી કરવાનો મારો ધર્મ છે.

વત્સ! ભાગવતી દીક્ષા એ સામાન્ય પ્રકારનો પ્રસંગ નથી. સંસારનો સર્વથા ત્યાગ એમાં અગ્રપદે છે. એનું ગ્રહણ સમજપૂર્વક કરાય એ વસ્તુતઃ ઇષ્ટ છે. એવા પવિત્ર કાર્યમાં સંબંધી વર્ગની, ખાસ કરી માતા–પિતાની સંમતિ હોવી જરૂરી છે. સાધ્ય જેમ ઉત્તમ છે, તેમ એની સાધનાનો માર્ગ પણ શુદ્ધ હોવો જરૂરી છે. 'વિનયમૂલો ધમ્મો' એ જ્ઞાની વચન છે.

ગુરુદેવ! જૈનધર્મની મર્યાદા આપે કહી તેવી હોય એ પ્રશંસનીય છે. આપ મારી હાર્દિક ઉત્કંઠા જાણી ચૂક્યા છો. મારામાં જે જ્ઞાનપિપાસા ઉદ્ભવી છે એની પ્રાપ્તિ વિના છીપવાની નથી. વળી એ મેળવ્યા વિના માતા પાસે મારે પાછા જવાનો કંઈ અર્થ પણ નથી જ. તેમની પ્રેરણાથી તો હું આપના દર્શન પામ્યો છું. પિતાશ્રીની સંમતિ મળવી શક્ય નથી. વિઘ્નનો સંભવ પણ છે.

મારી આપશ્રીને પ્રાર્થના છે કે–જો એ પવિત્ર શ્રુતના અભ્યાસ અંગે મને યોગ્ય ધારતા હો તો, મને પ્રવ્રજ્યા આપવા સારુ અહીંથી આપણે નજિકના પ્રદેશમાં ચાલ્યા જઈએ, આમ કરવાથી ઉભય હેતુ બર આવશે. 'સાપ મરશે નહીં અને લાકડી ભાંગશે નહીં.' સંમતિની પંચાતમાં પડ્યા વગર દીક્ષા આપો.

આચાર્યશ્રીને શિષ્ય થનાર એવા આર્યરક્ષિતની માંગણી યોગ્ય લાગી. પ્રથમ દર્શને જ તેઓશ્રીને જણાયું હતું કે–આગંતુક વ્યક્તિ ભવિષ્યમાં કોઈ પ્રભાવકનું સ્થાન અલંકૃત કરે તેવું એના લલાટ પરથી દ્રષ્ટિગોચર થાય છે. કોઈક ભાગ્યવાનના જીવનમાં આવો અપૂર્વ યોગ લખાયો હોય છે. તરત જ તેમણે પ્રાર્થના સ્વીકારી અલ્પ ઘટિકાઓમાં સપરિવાર વિહાર કર્યો. નિયત સ્થળે આવી, આર્યરક્ષિતને ભાગવતી પ્રવ્રજ્યા આપી, અને અભ્યાસના મંગળાચરણ પણ કરી દીધા. આ દીક્ષા સંબંધમાં પરિશિષ્ટ પર્વમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જણાવે છે કે–'શ્રી મહાવીર ભગવાનના શાસનમાં સાધુજી દ્વારા શિષ્યની ચોરીરૂપ આ પહેલો જ પ્રસંગ બન્યો' હિંદી 'પરિશિષ્ટ પર્વ' અર્થાત્ 'ઐતિહાસિક પુસ્તક.' ભાગ ૨ માં. આ સંબંધમાં નિમ્ન શબ્દો નયનપથમાં આવે છે.–

"आर्यरक्षित भी भृत्य के समान आगे होगया. गुरुमहाराज ने अन्यत्र जाके आर्यरक्षितको दीक्षा देदी. श्री हेमचंद्राचार्य महाराजका फरमान है कि श्री महावीर भगवान के शासनमें साधुओसे शिष्यकी चोरीका व्यवहार यह प्रथम ही हुआ है."

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કમઠ યોગીની ઈર્ષ્યા અને દ્વેષ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

ત્રેવીસમા તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથના વખતમાં તેમની જ સાથે ઈર્ષ્યાથી કલહ કરી અપમાનિત થએલ કમઠયોગીની કથા સહુ કોઈ જૈનો જાણે છે, કેમકે પોતાની ઈચ્છાથી એના ધર્મગુરુએ બતાવ્યા મુજબ તપશ્ચર્યા કરવા બેઠો હતો. એણે સંસાર અને ઘરબાર તો છોડ્યા જ હતા. એની યોગસાધનાની પદ્ધતિ આપણે પસંદ નહીં કરીએ છતાં એનો ઉદ્દેશ સ્વર્ગ કે દેવલોકપ્રાપ્તિનો હતો એમાં શંકા નથી. એની ક્રિયામાં મુખ્યતયા ચોતરફ અગ્નિ પ્રગટ કરી ઉપરથી સૂર્યની આતાપના લેવી–એવી રીતે પાંચે બાજુથી તાપ સહન કરવાનો હતો. અને એને પંચાગ્નિ–સાધનાનું નામ દેવામાં આવ્યું હતું. એમાં દેહદમન હતું એમાં શંકા નથી, પણ આત્માને એમાં શું એમ સાધવાનું હતું એ સમજાતું નથી. એણે કાશી નગરીની બહાર ઠીક જગ્યા પસંદ કરી ત્યાં પોતાની સાધના શરૂ કરી હતી. એને જો કેવળ આત્મશ્રેયાર્થે જ તપસ્યા કરવાની હોત તો પછી નગરનો સંપર્ક શા માટે સાધ્યો હતો? તપ તો એની પદ્ધતિ મુજબ નિર્જન અરણ્યમાં કોઈ ન જાણે એવી જગ્યાએ કરવાથી વધારે કાર્યસાધક થયો હોત, પણ એણે તો લોકોનો સંપર્ક વધારે પ્રમાણમાં થાય એ વસ્તુ પસંદ કરેલી જણાતી હતી. શહેરની નજીકમાં જ આવો મોટો સમારોહ થતો હોય ત્યારે શહેરમાં જાહેરાત ફેલાતા કેટલીવાર લાગે? કમઠનો ઉદ્દેશ પરલોકસાધનાનો હોઈ શકે, પણ પહેલાં તો એને પોતાનું માન લોકોમાં ખૂબ વધે, લોકો એને માનતા થાય, એ કોઈ અતિમાનવ, મહાન્ તપસ્વી, ઋષીમુનિ કે મહાત્મા છે એવી પ્રસિદ્ધિ લોકોમાં મેળવવાની ઈચ્છા હતી એમાં શંકાને સ્થાન નથી. પોતાની તપશ્ચર્યાની બોલબાલા થાય, ઢોલ–ત્રાંસા વાગે અને

---

ગુરુમહારાજે નૂતન દીક્ષિતની જ્ઞાન ગ્રહણ કરવાની પ્રબળ શક્તિ નિરખી, એના અભ્યાસ પાછળ ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું. થોડા સમયમાં જ આર્યરક્ષિતજી અગિયાર અંગના જ્ઞાતા થયા. દૃષ્ટિવાદ નામના બારમા અંગના પાંચ ભેદ છે એમાં (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વાનુયોગ (૪) પૂર્વગત અને (૫) ચૂલિકા. એમાં ચોથો પ્રકાર જે પૂર્વગત છે એમાં શ્રી કલ્પસૂત્રમાં જેનું હાથીના દેહને ધ્યાનમાં રાખી લખવા માટે જરૂરી પ્રમાણ દર્શાવાયું છે એવા ચૌદ પૂર્વોનો સમાવેશ થાય છે. એનો ક્રમ આ પ્રમાણે છે ૧. ઉત્પાદ ૨. અગ્રાયણીય ૩. વીર્યપ્રવાદ ૪. અસ્તિ નાસ્તિપ્રવાદ. ૫. જ્ઞાનપ્રવાદ ૬. સત્યપ્રવાદ ૭. આત્મપ્રવાદ ૮. કર્મપ્રવાદ ૯. પ્રત્યાખ્યાનપ્રવાદ ૧૦. વિદ્યાપ્રવાદ ૧૧. કલ્યાણપ્રવાદ ૧૨. પ્રાણાવાય ૧૩. ક્રિયાવિશાળ ૧૪. લોકબિન્દુસાર. એટલું યાદ રાખવાનું છે કે એ ચૌદ પૂર્વોને જો લખવા હોય તો કુલ ૧૬૩૮૩ હસ્તિના વજન જેટલી શાહીનો પુંજ જોઈએ. બાકી નથી તો એ લખાયા અને નથી તો કોઈ લખવાનું. આ દ્વારા જ્ઞાનની વિપુલતા અને મહત્તાનો ખ્યાલ આવે છે અને એ સ્મરણશક્તિની ઉત્કૃષ્ટતા કેવા ઉચ્ચતમ પ્રકારની હોય એનો ભાસ થાય છે.

વિદ્યાપ્રાપ્તિ સિવાય જેના હૃદયમાં અન્ય કોઈ રમણતા નથી, એવા આર્યરક્ષિતજી દૃષ્ટિવાદના ત્રણ ભેદનું પાન તો જોતજોતામાં કરી ગયા. આચાર્યશ્રી પણ શિષ્યની આ પ્રતિભા જોતાં આશ્ચર્ય પામ્યા. વળી તેમને હર્ષ પણ થયો કે–'ગુરુ કરતાં શિષ્ય સવાયો નિવડ્યો.'

વિચાર પણ ઉદ્‌ભવ્યો કે મારી પાસે જે કંઈ હતું તે તો શિષ્યના જાણવામાં આવી ગયું. એ દરમિયાન જે પ્રસંગ મથાળે આલેખ્યો છે તે બન્યો.

આચાર્યશ્રીએ, આર્યરક્ષિતને વધુ અભ્યાસ માટે શ્રીમદ્ વજ્રસ્વામી પાસે જવાની આજ્ઞા આપી અને કહ્યું કે–તેમની પાસે ઉજ્જૈની પહોંચતાં પૂર્વે માર્ગમાં વયોવૃદ્ધ ગુરુમહારાજ **શ્રી ભદ્રગુપ્તાચાર્ય** છે તેમને વંદન કરી આગળ વધજો. (ચાલુ)



For Private And Personal Use Only

ખેલા છીએ? એમ હોય તો બતાવો ને અમે ક્યા-ધર્મમાં ક્યાં ચૂક્યા? વગર ફોગટની વાતો કરવામાં કાંઈ માલ નથી. તમો તમારા માર્ગે જાઓ. થોડા ખેરાવો ને મોજ કરો.

કમઠના બોલવાથી પ્રત્યક્ષ હિંસા કેવી થઈ રહી છે એ બતાવવાનો પ્રસંગ પાર્શ્વકુમાર ઉપર આવ્યો. તેમણે શાબ્દિક જવાબ નહીં વાળતા સેવકને આજ્ઞા કરી કે, અમુક બળતું લાકડું બહાર કાઢો. તરત જ તે લાકડું બહાર ખેંચી લેવામાં આવ્યું અને કુહાડાથી તેને ચીરવામાં આવ્યું. અંદરથી બળતો અને અધમુવો સર્પ બહાર આવ્યો. લોકો એ બધું જોઈ જ રહેલા હતા. પાર્શ્વકુમારે તરત જ એની નજીકમાં જઈ પોતાના સેવક દ્વારા મહાપ્રભાવિક નવકાર મંત્ર સંભળાવ્યો. સર્પ તરત જ ગતપ્રાણ થયો. આ વિલક્ષણ બનાવથી મોટો ઝંઝાવાત પેદા થયો. આગળ શું બને છે એ હવે આપણે જોઈએ.

લોકોમાં એકદમ કોલાહલ પેદા થયો. જયજય-કારને બદલે કમઠ સામે લોકોનો રોષ પ્રગટ થયો. ધીટકારનો વરસાદ વરસવા લાગ્યો. જે લોકો કમઠના ભક્તો બન્યા હતા તે હવે જાણે દુશ્મન જેવા બની ગયા. તેની આગળ પૂજાનું સાહિત્ય ભેગું થયું હતું તેને લોકો ફેંકી દેવા લાગ્યા. તેની આગળ નૈવેદ્ય અને ફળોના ઢગલા ભેગા થયા હતા તે લોકો ઉપાડી લઈ ગયા. એણે ઊભું કરેલું બધું ધતીંગ ક્ષણવારમાં વેરવિખેર થઈ ગયું. કમઠને તો મ્હોં છુપાવ્યા વગર બીજો કોઈ માર્ગ જ ન રહ્યો. જે જગ્યા ઉપર માનવ મેદની ઉભરાતી હતી તે જગ્યા હવે વેરવિખેર થઈ પડેલું સાહિત્ય નિસ્તેજ અને કલાવિહીન થઈ ગયું. લોકો ધિક્કારના ઉદ્ગારો વેરતા વિખેરાઈ ગયા. તેની જગ્યાએ શ્રી પાર્શ્વકુમારના ગુણ ગવાવા લાગ્યા. તેમના અપૂર્વજ્ઞાનના ચોતરફ વખાણ થવા માંડ્યા. બધાઓ પાર્શ્વકુમારની જય બોલતા થયા. હવે પેલા કમઠ યોગીનું શું?

કમઠયોગીનું અપમાન થયું, એનો અહંભાવ ઘવાયો. એને જગત આગળ મ્હોં બતાવવું મુશ્કેલ થઈ ગયું. વાસ્તવિક રીતે જોતાં એણે પોતાની મૂર્ખાઈ ફેલાવી દેવી યુક્ત હતી. આવો લાગ તેને યોગ્ય હતો. પણ થયું બધું ઊલટું! કમઠનાં મનમાં સમસમાણ ભર્યું. એને અવળો માર્ગ સૂઝ્યો. યોગ્ય સમય જોઈ લીધો અને અદેખાઈએ પોતાનો અડ્ડો જમાવ્યો. ક્રોધ પણ પ્રસંગોપાત્ત પોતાની શક્તિ અજમાવવા ત્યાં દોડી આવ્યો. અને પાશવી ગુણોએ ત્યાં પોતાનું કાર્ય શરૂ કરી દીધું. કમઠને લાગ્યું હું કેવો યોગી, ત્યાગી, તપસ્વી અને મારી સામે એક બાળબુદ્ધિ રાજકુમારે આવી, મને પડકાર કરી મારી ફજેતી કરી. સહુ લોકોમાં મારી થૂ: થૂ: થઈ. હવે તો એનો બદલો લઉં તો જ ખરો કમઠ યોગી! મારા ગુરુએ પંચાગ્નિ સાધનાની તપસ્યા બતલાવી તે શું ફોગટ જાય? હમણાં બદલો લેવાનો સમય નહીં મળે તો પણ જન્માંતરે હું તેનો બદલો વાળ્યા વિના રહેવાનો નથી જ.

કમઠનો આ અંતઃસંતાપ કેવા સ્વરૂપનો હશે એ આપણે જોયું. આપણી નજર સામે પણ આવા પ્રકારો નિત્ય નવા અનેક રૂપમાં પ્રગટ થાય છે અને તે નજરે જોવા પડે છે. એ પરંપરા કાંઈ નવી નથી. મુંડે મુંડે મતિર્ભિન્ના એ વસ્તુ સ્પષ્ટ છે. પણ એના પરિણામો જ્યારે પશુતામાં પરિણમે છે, ધાર્મિક, સામાજિક કે રાજકીય પ્રશ્ન હોય અથવા શુદ્ધ વૈજ્ઞાનિક સમસ્યા હોય ત્યારે એમાં મતભેદ જાગે તેમાં આશ્ચર્ય માનવા જેવું નથી. પણ જ્યારે તેવા પ્રશ્નોમાં કોઈ વ્યક્તિનું વ્યક્તિત્વ ઊભું થાય છે અને તેને માટે યાદવાસ્થળી ઉત્પન્ન થાય છે ત્યારે તે જગતને નુકસાનકારક જ નિવડે છે. અમુક પ્રશ્નમાં તો અમારો જ શબ્દ છેલ્લો ગણાવો જોઈએ. અમારા કરતાં વધુ બુદ્ધિમાન આ જગતમાં કોઈ હોય જ શકે નહીં. અથવા બીજો કોઈ અમને પૂછ્યા વિના કોઈ કાર્ય સારું કાર્ય કરતો હોય તો પણ તે તોડી પાડી પોતાનો જ કક્કો ખરો કરવા પ્રયત્ન થાય છે ત્યારે તે ગમે તેવડો ડાહ્યો ગણાતો હોય છતાં તે જગતને નુકસાનકારક જ નિવડે છે, એ આપણને અનેક દાખલાઓમાં નજરે પડે છે. સર્વજ્ઞપણાનો ફાંકો રાખી જગતને ઉપદેશ કરવા નિકળેલ અનેક બડ-ખાંઓએ આ વસ્તુનો વિચાર કરવો જોઈએ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ : પુસ્તક ૭૨ મું : વાર્ષિક અનુક્રમણિકા

## ૧. પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | 'श्री जैन धर्म प्रकाश' सदा जयवंत रहो | (મુનિશ્રી ભાસ્કરવિજયજી) | ૧ |
| ૨. | मंगल पत्रीशी | (સંપા૦ શ્રી મોહનલાલ ગિરધરલાલ) | ૨ |
| ૩. | धर्मका मर्म | (રાજમલ ભંડારી) | ૪ |
| ૪. | શ્રી આદિજિન સ્તવન | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૧૭ |
| ૫. | जल बुद्बुद् | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૮ |
| ૬. | શ્રી પાર્શ્વ જિન સ્તવન | (મુનિરાજશ્રી રુચકવિજયજી મહારાજ) | ૩૩ |
| ૭. | भक्तिरसधारा | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૩૪ |
| ૮. | શ્રી નેમિનાથ જિન સ્તવન | (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૪૯ |
| ૯. | શ્રી સિદ્ધચક્રજી સ્તવન | (મુનિશ્રી મનમોહનવિજયજી) | ૫૦ |
| ૧૦. | બોધક દુહા | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૫૦ |
| ૧૧. | શ્રી નવકારમંત્રનું ચૈત્યવંદન | (મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી) | ૬૫ |
| ૧૨. | શ્રી મહાવીર જયંતિ | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૬૬ |
| ૧૩. | प्रभु वीरसे | (રાજમલ ભંડારી) | ૬૭ |
| ૧૪. | શ્રી સુમતિનાથ જિન સ્તવન | (મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી) | ૮૧ |
| ૧૫ | श्री जिनदर्शन महिमा | (શ્રી રાજમલ ભંડારી) | ૮૨ |
| ૧૬. | શ્રી આદિનાથ જિન સ્તવન | (મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી) | ૯૭ |
| ૧૭. | કાયા કુટુંબની સજ્ઝાય | (સંપા૦ મુનિરાજશ્રી નેમવિજયજી) | ૯૮ |
| ૧૮. | શ્રી પાર્શ્વ જિન સ્તવન | (મુનિશ્રી ભાસ્કરવિજયજી) | ૧૧૩ |
| ૧૯. | પુષ્પમાળા | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૧૪ |
| ૨૦. | શ્રી ભાવનગરમંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન-(પ્રાચીન) | (પં. શ્રી દયાસાગરગણિ) | ૧૨૯ |
| ૨૧. | શ્રી પર્યુષણનું સ્તવન | (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૧૩૦ |
| ૨૨. | महावीर बन सके देश तो और शेष क्या ? | (રાજમલ ભંડારી) | ૧૩૧ |
| ૨૩. | શ્રી પાર્શ્વ જિન સ્તવન | (મુનિરાજશ્રી રુચકવિજયજી) | ૧૩૧ |
| ૨૪. | ભાવનગરમંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન (પ્રાચીન) | (સંપા૦ મોહનલાલ ગિરધર) | ૧૪૫ |
| ૨૫. | उषा | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૪૬ |
| ૨૬. | धरा का भार न बनो ! | (રાજમલ ભંડારી) | ૧૪૭ |
| ૨૭. | ભાવનગરમંડન શ્રી ઋષભદેવ જિન સ્તવન-પ્રાચીન | (સપા૦ મોહનલાલ ગિરધરલાલ) | ૧૬૧ |
| ૨૮. | રજનીની દીવાળી | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૧૬૨ |
| ૨૯. | શ્રી નવપદજીનું સ્તવન | (મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી) | ૧૬૪ |


## ૨. ગદ્ય વિભાગ


| | | | |
|---|---|---|---|
| ૧. | "શ્રી જૈન ધર્મ પ્રકાશ" વિકાસ પામો | (દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) | ૪ |


કમઠનો આત્મા બીજા ભવમાં મેઘમાળી દેવતાપણે જન્મ્યો અને પ્રભુ પાર્શ્વનાથ જ્યારે પોતાની આત્મસાધના કરવા માટે ધ્યાનાવસ્થામાં હતા ત્યારે એ જ કમઠના ક્ષુદ્ર જીવે મહાન્ જગદુદ્ધારક તીર્થંકર દેવ સામે પોતાની ઇર્ષ્યા અને ક્રોધનો પડકાર ઊભો કર્યો. પ્રભુ તો નિશ્ચલ જ હતા. એઓ કાંઇ કમઠની પેઠે ક્રોધની સામે ક્રોધ ઠાલવવાના ન હતા. એઓ તો નિશ્ચલ મેરુપર્વતની જેમ શાંત અને સ્થિર જ હતા. છેવટ તે સર્પનો જીવ જે ધરણેંદ્ર તરીકે ઉત્પન્ન થયો હતો તેણે પદ્માવતી દેવીની સહાયથી પ્રભુ સામેનો ઉપસર્ગ દૂર કર્યો અને કમઠરૂપી મેઘમાળીને સજા કરી, એ કથા સુવિદિત છે. કમઠના દાખલા ઉપરથી આપણે ધારીએ તો ઘણું જાણી અને ભણી શકીએ તેમ છીએ.

For Private And Personal Use Only

૨. નૂતન વર્ષાભિનંદન (દીપચંદ જીવણલાલ શાહ) ૧
૩. શ્રી હિતશિક્ષા-છત્રીશી :: ૨૭-૨૮ (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૭-૧૯
૪. અનુપમ ઔચિત્ય (મોહનલાલ દીપચંદ ચોકસી) ૯, ૩૬, ૮૩
૫. આત્મશિક્ષણ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૨
૬. પ્રશ્નપદ્ધતિ: લેખાંક : ૨ થી ૭ (અનુ૦ આ. મ શ્રી વિજયમહેન્દ્રસૂરિજી) ૧૫, ૨૫, ૪૦, ૫૪, ૮૯, ૧૦૬
૭. શ્રી વર્ધમાન મહાવીર : લેખાંક : ૧૧ થી ૧૪ (સ્વ૦ મૌક્તિક) ૨૨, ૬૮, ૧૧૫, ૧૬૭,
૮. શ્રી જિનદર્શનની તૃષા: ૩ થી ૬ (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) ૨૭, ૬૨, ૭૬, ૧૬૦
૯. ધર્મલાભ અને વર્તમાન યોગ (હીરાલાલ રસિકદાસ કાપડિયા) ૩૦, ૪૬
૧૦. સમુદ્ર-વહાણ સંવાદ: લેખાંક ૧ થી ૭ (પં. શ્રી ધુરન્ધરવિજયજી) ૩૫, ૫૧, ૭૨, ૯૯, ૧૧૯, ૧૩૨, ૧૪૮
૧૧. અજ્ઞાનનો અંજામ (મુનિશ્રી મહાપ્રભવિજયજી) ૪૨
૧૨. સમ્યગ્દર્શનની પૂર્વ ભૂમિકા (ડૉ. વલ્લભદાસ નેણશીભાઈ) ૪૩
૧૩. ઇર્ષ્યાને પરિણામે (શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) ૪૮
૧૪. સ્થાપના (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૫૬
૧૫. લોભ સર્વ અનર્થોની ખાણ છે (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) ૫૮
૧૬. પારિભાષિક શબ્દ-વિવરણ: લેખાંક: ૧ થી ૪ (શ્રી ડાહ્યાભાઈ મોતીચંદ) ૬૪, ૭૯, ૯૫, ૧૦૭
૧૭. સહોદરનો વાર્તાલાપ (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૭૩
૧૮. વ્યવહાર-કૌશલ્ય : ૩૧૪ (સ્વ૦ મૌક્તિક) ૭૮
૧૯. ચિરંજીવ પારણું (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૮૭
૨૦. પરોપકાર (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૯૧
૨૧. આત્મશાન્તિના પવિત્ર પંથે (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) ૯૩
૨૨. ઇતિહાસને અજવાળે (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૦૨
૨૩. તીર્થંકર ભગવંતોના વર્ણવિશેષ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૦૩
૨૪. આત્મદર્શન (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) ૧૦૮
૨૫. જૈન ધમમાં દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ (શ્રી ખૂબચંદ કેશવલાલ) ૧૧૦
૨૬. ચાર અનુયોગ સ્થાપક દશપૂર્વી : લેખાંક : ૧-૨ (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૨૨, ૧૭૦
૨૭. શાસ્ત્રીય આજ્ઞા બૌદ્ધિક વિચારણાને આધીન નહીં હોવી જોઈએ (શ્રી ખૂબચંદ કેશવલાલ) ૧૨૫
૨૮. ભાવના (શ્રી દુર્લભદાસ ત્રિભોવનદાસ) ૧૨૭
૨૯. સાચી શાંતિ કેમ મળે ? (મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગરજી) ૧૩૪
૩૦. સાવધાન ! મહાપર્વ આવે છે (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૩૬
૩૧. એ શ્રાવક-દંપતી (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૩૮
૩૨. ક્ષમાપનાનું મહાપર્વ (મુનિરાજશ્રી રુચકવિજયજી) ૧૪૦
૩૩. પર્યુષણ પર્વારાધનની સફળતા (શ્રી ખૂબચંદ કેશવલાલ) ૧૪૨
૩૪. સતત કલહ (શ્રી બાલચંદ હીરાચંદ સાહિત્યચંદ્ર") ૧૫૦
૩૫. મદમાતો આત્મા યાને સનત્કુમાર (શ્રી ચંદ્રકાંત પ્રાગજીભાઈ) ૧૫૨
૩૬. છ ઓલની વિહરમાણ જિન-વીસીનું વિહંગાવલોકન (શ્રી હીરાલાલ ર. કાપડીયા) ૧૫૪
૩૭. મોહના નશામાં (દુર્લભદાસ ત્રિભોવનદાસ દોશી) ૧૫૬
૩૮. કામવાસનાનો કરુણ અંજામ (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) ૧૫૭
૩૯. હવે મુજ દાન દેવાર (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૧૬૫
૪૦. કમઠ યોગીની ઇર્ષ્યા અને દ્વેષ (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૭૨
૧. પુસ્તકોની પહોંચ ૩. પ્રકીર્ણ ૩૨, ૮૦, ૧૨૮ આસો ટા. પે. ૩

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પુસ્તકોની પહોંચ

૧. ધર્મ પરીક્ષાનો રાસ.—(અર્થ સહિત) પ્રકાશક-શ્રી સાહિત્યવર્ધક સભા-અમદાવાદ. સંયોજક પૂ. મુનિરાજશ્રી લબ્ધિમુનિજી મહારાજ. પાકું જૈન કલોથ બાઇન્ડીંગ, ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ૧૫૦, મૂલ્ય માત્ર રૂપિયા પાંચ.

મૂળ રાસકર્તા શ્રી નેમવિજયજી મહારાજે વિ. સં. ૧૮૨૧ માં આ સુંદર રાસની રચના કરી હતી. બાદ વિ. સં. ૧૯૫૩ માં આ રાસનો ગુજરાતી અનુવાદ ચમનલાલ સાંકળચંદ મારફતીયાએ કર્યો હતો, તે અંગેની એક પણ નકલ ન મળતાં આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. આ રાસ શ્રીપાળ મહારાજાના રાસ જેવો જ રસિક ને બોધક છે. આ રાસમાં બીજા બધા ધર્મોની હકીકત દર્શાવી, તે તે ધર્મોમાં ક્યાં ક્યાં કેટલી કેટલી ખામી અને અતિશયોક્તિ છે તે દર્શાવીને "જૈન ધર્મ" કેટલો સુદૃઢ, શ્રેષ્ઠ અને મોક્ષમાર્ગસાધક છે તે દર્શાવ્યું છે. આ સમગ્ર રાસ કથાના આકારમાં હોઇ વાચકવર્ગનો રસ સરસ રીતે જળવાઇ રહે છે. એકંદરે વંચાવવા જેવો આ ગ્રંથ છે.

**૨. ચાર પ્રકરણો-અર્થ-સહિત તેમ જ અન્ય ઉપયોગી સંગ્રહ**—સંગ્રાહક-પ. પૂ. સાધ્વીશ્રી ઇશ્વરશ્રીજી મહારાજ તથા પ. પૂ. સાધ્વીશ્રી લલિતશ્રીજી મહારાજ-ભાવનગર. ક્રાઉન સોળપેજી, પૃષ્ઠ આશરે ૧૨૦.

અભ્યાસકને માટે ઘણા સમયથી આવા પુસ્તકની ખોટ હતી, તે આ પ્રકાશનથી પૂરી થઇ છે. ચાર પ્રકરણો ઉપરાંત શ્રી તત્વાર્થસૂત્ર-મૂળ, શ્રી નેમનાથજી તથા શ્રી જંબૂસ્વામીના ઢાળીયા અને જ્ઞાનપંચમીનું સ્તવન વિગેરે સંગ્રહથી આ પુસ્તક સુંદર થયું છે. પૂ. સાધ્વીજી મહારાજાઓનો પ્રયાસ પ્રશસ્ય છે.

**૩. પ્રશ્નપદ્ધતિ અને જીવનપ્રભા**—સંપાદક-મુનિરાજશ્રી શ્રીકાંતવિજયજી મહારાજ. પ્રકાશક-શેઠ ચિનુભાઇ ત્રિકમલાલ શરાફ-અમદાવાદ. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ૬૪.

પૂજ્યશ્રી હરિશ્ચંદ્ર ગણિવર્યે આ નામનો જે સંસ્કૃત ગ્રંથ રચ્યો હતો તેનો આચાર્ય મહારાજશ્રી વિજયમહેંદ્રસૂરિજીએ કરેલ ગુજરાતી અનુવાદ, જે ક્રમેક્રમે "શ્રી જૈન ધર્મ પ્રકાશ" માસિકમાં પ્રગટ કરવામાં આવ્યો હતો તે પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવેલ છે. પ્રાંતે આચાર્યશ્રીજી મહારાજનું સંક્ષિપ્ત જીવન અને સમ્યક્ત્વ કુલક-અર્થ સહિત આપવામાં આવેલ છે. પ્રયાસ સારો છે.

**૪. શ્રી વીરપાલ ચરિત્ર**—પ્રકાશક-મુનિરાજશ્રી કાંતિમુનિજી મહારાજના જ્ઞાનભંડારના કાર્યવાહક-સીહોર. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ આશરે ૧૪૦. સભાને ભાવનગરનિવાસી શાહ કુંવરજી ગોરધનદાસ તરફથી ભેટ મળેલ છે. ચૌદસો ચુમ્માલીશ ગ્રંથના કર્તા આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે આ ગ્રંથની રચના કરેલ છે. પં. શ્રી હીરમુનિજી મહારાજના ઉપદેશથી આ સુંદર ગ્રંથનું પ્રકાશન કરવામાં આવેલ છે. કથાનકનો આ સુંદર ગ્રંથ છે.

**૫. શ્રી જિન પૂજાપદ્ધતિ**—લેખક-પંન્યાસશ્રી કલ્યાણવિજયજી ગણિ, પ્રકાશક-શ્રી ક. વિ. શાસ્ત્રસંગ્રહ સમિતિ-જાલોર. છપ્પન પાનાની આ પુસ્તિકામાં પ્રાચીન અને અર્વાચીન પૂજામાં કેવી કેવી પદ્ધતિ હતી તેનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે.

**૬. નીતિદીપકશતક**—મૂળ કર્તા વિદ્યાભૂષણ શ્રી કાનજીસ્વામી (લીંબડી સંપ્રદાય) સંપાદક શાંતમૂર્તિ મુનિરાજશ્રી રૂપચંદ્રજી મહારાજ. આ નીતિશતકમાં જિનાગમ, અહિંસા, અસ્તેય, શીલ, ઇન્દ્રિયનિરોધ વિગેરે વિવિધ વિષયોનું સંકલન કરવામાં આવેલ છે. સાથોસાથ ગુજરાતી અનુવાદ આપવામાં આવેલ હોવાથી વાચકવર્ગને સમજવામાં સરલતા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭. [illegible] —[illegible] શ્રી [illegible]વિજય [illegible] [illegible] મહારાજ.

પ.પૂ. ઉપા૦ મહારાજશ્રી [illegible]વિજય મહારાજશ્રીના જીવનને લગતી સંપૂર્ણ માહિતી આ લઘુ પુસ્તિકામાં આપેલ છે. [illegible] જુદી જુદી [illegible] આ પુસ્તિકાની પ્રાપ્તિ [illegible] છે. ઉપા૦ મહારાજશ્રીની વિવિધ કૃતિઓના પ્રકાશન માટે મુનિરાજશ્રી યશોવિજયજી સુંદર પ્રયાસ કરી રહ્યા છે અને તે માટે [illegible] ઉપરોક્ત સમિતિની સ્થાપના કરવામાં આવી છે. પ્રયાસ આવકારદાયક છે.

૮. શ્રી વિજય હીરસૂરિજી-જીવનપ્રભા—જગદ્ગુરુ વિજયહીરસૂરિજીના સમગ્ર જીવનને ક્રમબદ્ધ કરીને સુંમાલીશ પેજની આ લઘુ પુસ્તિકામાં પ્રકાશિત કરવામાં આવેલ છે. પ્રકાશક–ખૂબચંદ નગીનચંદ [illegible]–શેઠીડા (રાજસ્થાન) પ્રયાસ સારો છે.


નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

## બાર વ્રતની પૂજા–અર્થ સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા–અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથોસાથ સ્નાત્રપૂજા અને આરતી–મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અર્થ સમજીને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:–શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

— પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે —

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે, આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપ આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર


મુદ્રક : સાધના મુદ્રણાલય :: દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only